RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 13 * Issue No. 13 * Date: 01.11.2026,Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

'સરદાર પટેલ જાણતા હતા કે ભારતની વિવિધતા જ એકતા છે: PM મોદી



આજે ૩૧ ઓકટોબરની સાંજે એકતાનગરમાં વડાપ્રધાન મોદીની હાજરીમાં સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆતમાં PM મોદીએ દેશવાસીઓને એકતાના શપથ લેવડાવ્યા, સુરક્ષા દળો અને પોલીસ ટુકડીઓના શિસ્તબદ્ધ કદમતાલથી હાલ પરેડ ગ્રાઉન્ડ ગુંજી ઉઠ્યું હતું. નકસલ મુક્ત ભારત પર સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો.

આજનો આ કાર્યક્રમ કંઈક અલગ છે: PM

'આજનો આ કાર્યક્રમ કંઈક અલગ છે. અત્યાર સુધી આપણે એકતા દિવસ પર આ કાર્યક્રમ સવારે કરતા આવ્યા છીએ. આ વખતે થોડો ફેરફાર થયો છે, આપણે સૌ સાંજે એકત્ર થયા છીએ. સવારે લાખો દેશવાસીઓએ એકતાના સંકલ્પ સાથે એકતા દોડમાં ભાગ લીધો. આપણે 'Run Fro Unity' માં દેશવાસીઓનો ઉત્સાહ જોયો'

ભવ્ય પરેડ આકર્ષણ, નક્સલવાદના ખાતમાની ઉજવણી

આ સમારોહમાં ભારતની સાંસ્કૃતિક ઝાંખી, શાનદાર પ્રસ્તુતિઓ, પોલીસ અને અર્ધલશ્કરી દળોનું શિસ્ત અને એક ભવ્ય પરેડ જોવા મળી. કાર્યક્રમમાં પોલીસ, કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો અને અન્ય સુરક્ષા એજન્સીઓનાં ઉત્કૃષ્ટ કાર્યોને દર્શાવવામાં આવ્યાં. આ વખતનાં સમારોહની સૌથી મોટી વિશેષતા દેશમાંથી સશસ્ત્ર નક્સલવાદના ખાતમાની ઉજવણી રહી. પરેડમાં BSF, CRPF, CISF, ITBP અને SSBના જવાનોની સાથે-સાથે એ રાજ્યોની પોલીસની ટુકડીઓ પણ સામેલ થઈ, જેમણે નક્સલવાદ સામેની આ લડાઈમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા દ્વારા 'નક્સલ મુક્ત ભારત' વિષય પર એક નાટ્ય પ્રસ્તુતિ આપવામાં આવી રહી છે. તેમાં વામપંથી ઉગ્રવાદથી પ્રભાવિત ૧૨૬ જિલ્લાઓના લગભગ ૨,૦૦૦ કલાકારોએ ભાગ લીધો છે.વડાપ્રધાન મોદીએ સવારે સરદાર વલ્લભભાઈ પટેલને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. જેમાં ભારતીય વાયુસેનાના બે હેલિકોપ્ટર દ્વારા સ્ટેચ્યૂ ઓફ યુનિટી પર પુષ્પવર્ષા કરીને તેમને ભાવવંદના અર્પણ કરાઈ હતી. એકતા પરેડમાં ભાગ લીધા બાદ વડાપ્રધાન રાત્રે ૮:૦૦ વાગ્યે એકતા નગરથી બાય રોડ વડોદરા એરપોર્ટ જશે તેમજ રાત્રે ૯:૧૦ વાગ્યે વડોદરા એરપોર્ટથી દિલ્હી જવા રવાના થશે.

અમદાવાદ: મકરબા-કોર્પોરેટ રોડ બ્રિજ પાસેના બેરિકેડ હટાવી ચાર રસ્તા ખુલ્લા કરાશે

અમદાવાદના મકરબાથી કોર્પોરેટ રોડને જોડતા નવતર ઓવરબ્રિજનું લોકાર્પણ થયું, ત્યારથી જ સતત વિવાદોના ઘેરામાં રહ્યો છે. બ્રિજ કોર્પોરેટ રોડના ચાર રસ્તે જ પૂરો થતો હોવાને કારણે અહીં સર્જાતી ગંભીર અકસ્માતની સંભાવનાઓ અને ભારે ટ્રાફિકજામને પગલે તંત્રની બેદરકારી સામે અગાઉ અનેક સવાલો ઉઠ્યા હતા. જોકે, આ વિવાદ વચ્ચે હવે તંત્ર તરફથી મોટો સુધારો કરવા માટેની કવાયત હાથ ધરવામાં આવી છે અને ચાર રસ્તા પર ટ્રાફિક સિગ્નલ નાખવાની કામગીરી શરૂ કરવામાં આવી છે, જેનાથી આગામી સમયમાં વાહનચાલકોને ૨૦૦ મીટરના વધારાના ફેરામાંથી મોટી રાહત મળશે.નકશા જુઓસૂત્રોના જણાવ્યાનુસાર, બ્રિજ શરૂ થયો એ જ દિવસે પોલીસ વિભાગ દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને લેખિતમાં સ્પષ્ટ રજૂઆત કરવામાં આવી હતી કે આ ચાર રસ્તે ટ્રાફિક સિગ્નલ લગાવવામાં આવે જેથી નાગરિકોને અવરજવરમાં મુશ્કેલી ન સર્જાય. પરંતુ પાલિકા તંત્રએ તે સમયે આ બાબતને ગંભીરતાથી ન લેતા બ્રિજ શરૂ થતાં જ ભારે ટ્રાફિકજામ અને હોબાળો મચી ગયો હતો.



બોટાદમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી દરમિયાન સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતેથી યોજાયેલ એકતા પરેડ અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંબોધનનું જીવંત પ્રસારણ નિહાળતા બોટાદ પ્રભારી અને શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી રીવાબા જાડેજા અને નાગરિકો

કોટેચા ચોકમાં જીતુ વાઘાણીએ ગાંઠિયા-મરચા તળ્યા: 'રન ફોર યુનિટી' બાદ પ્રભારી મંત્રીએ ટીમ સાથે ફાફડા-જલેબીની મોજ માણી

રાજકોટનાં કોટેચા ચોકમાં પ્રભારી મંત્રી જીતુ વાઘાણીએ જાતે જ ગાંઠિયા અને મરચા તળીને તેમની ટીમ સાથે બેસી ફાફડાની મોજ લેતા જોવા મળ્યા હતા. સરદાર પટેલની જન્મજયંતિ નિમિત્તે યોજાયેલા 'રન ફોર યુનિટી' કાર્યક્રમ બાદ વાઘાણી કોટેચા ચોકમાં પહોંચ્યા હતા. જ્યાં જાતે જ ગાંઠિયા અને મરચા બનાવ્યા હતા. બાદમાં પોતાની ટીમ સાથે બેસી ફાફડા-જલેબીની મોજ માણતા જોવા મળ્યા હતા. વાઘાણી ગાંઠિયા બનાવી રહ્યા હોવાનો વીડિયો સામે આવતા લોકો પણ તેમની સાદગીની પ્રશંસા કરી રહ્યા છે.રાજકોટમાં સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે 'રન ફોર યુનિટી' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆત પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતેથી કરવામાં આવી હતી, જેમાં રાજકોટ જિલ્લાના પ્રભારી અને મંત્રી જીતુ વાઘાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં મંત્રીઓ, ધારાસભ્યો, ઉચ્ચ અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં પોલીસ જવાનો પણ જોડાયા હતા. રિંગ રોડ ફરતે યોજાયેલી આ રન ફોર યુનિટી દોડમાં તમામ લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ રાજ્યના કૃષિ મંત્રી જીતુ વાઘાણી પદાધિકારીઓ સાથે કોટેચા ચોક પહોંચ્યા હતા. અહીં તેમણે ભાજપના ધારાસભ્યો, મહાનગરપાલિકાના પદાધિકારીઓ અને સંગઠનના હોદ્દેદારો સાથે ફાફડા અને જલેબીની લિજ્જત માણી હતી. દરમિયાન એક રસપ્રદ દ્રશ્ય જોવા મળ્યું હતું, જ્યાં મંત્રી જીતુ વાઘાણી જાતે જ કડાઈમાં ગાંઠિયા અને મરચા તળતા નજરે પડ્યા હતા. તેમના આ અંદાજે ઉપસ્થિત સૌ કોઈનું ધ્યાન ખેંચ્યું હતું.આ પ્રસંગે મંત્રી જીતુ વાઘાણીએ મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું કે, સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે સમગ્ર ભારતમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ 'રન ફોર યુનિટી' એટલે કે એકતાની દોડ અને એકતા દિવસ તરીકે ઉજવણી કરવામાં આવી રહી છે. રાજકોટમાં પોલીસ કમિશનર બ્રિજેશકુમાર ઝાના માર્ગદર્શન હેઠળ અને સમગ્ર રાજ્યમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આ દોડનું સુંદર આયોજન થયું છે.



હજુ થોડું કમાઈ લઈએ પછી બધા જોડે સમય વિતાવીશું : પણ આ પછી ક્યારેય આવતું નથી....

?માણસને લાગે છે કે પૈસા, પદ, પ્રતિષ્ઠા અને સફળતા જ જીવનનું સાચું સુખ છે. તેથી તે દિવસ-રાત પોતાની મહેનત, સમય અને ઊર્જા બધું કમાણી અને નામ બનાવવામાં લગાવી દે છે. આ દોડમાં તે ધીમે ધીમે પોતાના પરિવાર, મિત્રો અને સંબંધોથી દૂર થવા લાગે છે. તેને લાગે છે કે 'હજૂ થોડું વધુ કમાઈ લઈએ, પછી બધાં સાથે સમય વિતાવીશું', પરંતુ એ 'પછી' ઘણી વખત ક્યારેય આવતું નથી. ?જ્યારે જીવનનો અંતિમ સમય આવે છે, ત્યારે માણસ સમજે છે કે પૈસા તો સુવિધાઓ આપી શકે, પણ પ્રેમ, લાગણી અને અપનાપન ખરીદી શકાય નથી. હોસ્પિટલના પથારી પર પૈસા નહીં, પરંતુ પોતાના લોકોનો સાથ, કોઈનો હાથ અને થોડા સ્નેહભર્યા શબ્દો જ સૌથી મોટી શાંતિ આપે છે. એ સમયે ઘણા લોકોને ખ્યાલ આવે છે કે તેમણે સાચું ધરોહર — સંબંધો, પ્રેમ અને માણસો — જીવનની દોડમાં ક્યાંક પાછળ છોડી દીધી હતી.પઈસા, પદ અને પ્રતિષ્ઠા જીવનને સરળ બનાવી શકે છે પરંતુ સંબધો, પ્રેમ અને પોતાના લોકોનો સાથ જ જીવનને સાચો અર્થ આપે છે જીવનની સફળતા માત્ર બેંક બેલેન્સથી માપવી નહીં. સાચી સંપત્તિ એ છે કે તમારી આસપાસ એવા લોકો હોય જે તમારી ખુશીમાં ખુશ અને દુઃખમાં સાથે રહે. સમય, સ્નેહ અને સંબંધોમાં કરેલું રોકાણ ક્યારેય વ્યર્થ જતું નથી.?દરરોજ તમારા પરિવારજનો સાથે થોડો સમય જરૂર વિતાવો. ?કામ અને કમાણી સાથે સંબંધોને પણ સમય આપો. ?તમારા નજીકના લોકોની લાગણીઓ સમજવાનો પ્રયત્ન કરો. ?આજે જ કોઈ પ્રિયજનને ફોન કરીને તેમનો ખ્યાલ પૂછો. --વસંત મહેતા (દાદુ)

બોટાદના પ્રગતિશીલ ખેડૂત ભાવેશભાઈ કનુભાઈ ખાચરનું ગૌરવપૂર્ણ સન્માન

બોટાદ, તા. ૩૦ ઓક્ટોબર, ૨૦૨૬

બોટાદ વિસ્તારના પ્રગતિશીલ ખેડૂત ભાવેશભાઈ કનુભાઈ ખાચરે પ્રાકૃતિક ખેતી અને આધુનિક કૃષિ પદ્ધતિઓ અપનાવવામાં આપેલા નોંધપાત્ર યોગદાન બદલ ગૌરવપૂર્ણ સન્માન પ્રાપ્ત કર્યું છે.

તા. ૩૦ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ પી.એમ. કિસાન ઉત્સવ દિવસ નિમિત્તે રાજ્ય સરકારના પ્રાકૃતિક કૃષિ અભિયાન અંતર્ગત જિલ્લા ખેતીવાડી વિભાગ, બોટાદ દ્વારા આયોજિત કાર્યક્રમમાં ગુજરાત સરકારનાં શિક્ષણમંત્રી શ્રી રીવાબા જાડેજાના હસ્તે ભાવેશભાઈ કનુભાઈ ખાચરને સન્માનપત્ર અર્પણ કરી બિરદાવવામાં આવ્યા હતા.

ભાવેશભાઈ ખાચર માત્ર પ્રાકૃતિક ખેતી અપનાવીને જ અટક્યા નથી, પરંતુ પ્રાકૃતિક ખેતી અંગે ખેડૂતોમાં જાગૃતિ આવે તે માટે વિવિધ કેમ્પોનું આયોજન કરી અન્ય ખેડૂતોને ખેતીલક્ષી માર્ગદર્શન પણ પૂરું પાડી રહ્યા છે.

સાથે સાથે તેઓ ગીર ગાયોના સંવર્ધન અને સંરક્ષણ માટે ગીર ગૌશાળાનું પણ સંચાલન કરી રહ્યા છે. વિશેષ ગૌરવની વાત એ છે કે ગુજરાત સરકારના પશુપાલન વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૬માં શ્રેષ્ઠ પશુપાલન કામગીરી બદલ બોટાદ તાલુકામાં તેમની ગૌશાળાને



પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું છે.

આમ, પ્રાકૃતિક ખેતી, આધુનિક કૃષિ પદ્ધતિઓ, ખેડૂત જાગૃતિ અને ગૌસંવર્ધન ક્ષેત્રે ભાવેશભાઈ ખાચર દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસો અન્ય ખેડૂતો અને પશુપાલકો માટે પ્રેરણારૂપ બની રહ્યા છે.

બોટાદ જિલ્લાના કૃષિ અને પશુપાલન ક્ષેત્ર માટે આ સિદ્ધિ ગૌરવની બાબત છે.

અહેવાલ કનુભાઈ ડી. ખાચર

તંત્રી લેખ

કાપડ ઉદ્યોગને મોટી રાહત! વધુ ૨ મહિના ૦% કસ્ટમ ડ્યુટી સાથે વિદેશથી કપાસની આયાત કરી શકાશે

કેન્દ્ર સરકારે કાપડ ઉદ્યોગને મોટી રાહત આપતા કપાસની આયાત પરની કસ્ટમ ડ્યૂટી મુક્તિ ૨ મહિના લંબાવી છે. હવે ૩૧ ડિસેમ્બર ૨૦૨૬ સુધી વિદેશથી કપાસની આયાત ડ્યૂટી-ફ્રી રહેશે. કપાસની ઓછી આવક અને ઉત્પાદન ઘટવાની આશંકા વચ્ચે સરકારે આ નિર્ણય લીધો છે. તેનાથી કાપડ મિલોને કાચો માલ સસ્તા ભાવે મળશે, જે ઉત્પાદન ખર્ચ ઘટાડવામાં મદદ કરશે. કેન્દ્ર સરકારે કાપડ ઉદ્યોગને રાહત આપવા માટે કપાસની આયાત પર કસ્ટમ ડ્યૂટીમાં મળતી છૂટ વધુ બે મહિના લંબાવી છે. હવે ૩૧ ડિસેમ્બર ૨૦૨૬ સુધી વિદેશમાંથી કપાસની આયાત કરવા પર કોઈ કસ્ટમ ડ્યૂટી ચૂકવવી પડશે નહીં. અગાઉ આ છૂટ ૩૧ ઓક્ટોબર સુધી જ લાગુ હતી. દેશમાં કપાસની ઓછી આવક અને આગામી સિઝનમાં ઉત્પાદન ઘટવાની આશંકા વચ્ચે સરકારે આ નિર્ણય લીધો છે. તેનાથી કાપડ મિલો અને ગારમેન્ટ ઉદ્યોગને કાચો માલ ઓછા ખર્ચે મળી શકશે. નાણા મંત્રાલયે ૩૦ ઓક્ટોબરના રોજ જાહેરનામું નંબર ૩૫/૨૦૨૬-કસ્ટમ્સ દ્વારા આ છૂટનો સમયગાળો લંબાવ્યો છે. અગાઉ સરકારે ૧ જૂનથી ૩૧ ઓક્ટોબર ૨૦૨૬ સુધી કપાસની આયાત પર લાગતી ૧૧ ટકા કસ્ટમ ડ્યૂટી નાબૂદ કરી હતી. હવે આ રાહત ડિસેમ્બરના અંત સુધી ચાલુ રહેશે.

સરકારે આ નિર્ણય એવા સમયે લીધો છે, જ્યારે દેશમાં કપાસની ઉપલબ્ધતાને લઈને ચિંતા વધી રહી છે. વર્ષ ૨૦૨૬-૨૭ની સિઝનમાં કપાસનું ઉત્પાદન ઘટવાની આશંકા છે. ખેતીના વાવેતર વિસ્તારમાં ઘટાડો અને મહારાષ્ટ્ર તથા કર્ણાટક જેવા મુખ્ય કપાસ ઉત્પાદક રાજ્યોના કેટલાક વિસ્તારોમાં દુષ્કાળની અસરને તેના મુખ્ય કારણો માનવામાં આવી રહ્યાં છે. નવી સિઝનના કપાસની આવક અનેક બજારોમાં શરૂ થઈ ગઈ છે, પરંતુ હાલ મંડીઓમાં અપેક્ષા કરતાં ઓછો જથ્થો પહોંચી રહ્યો છે.

લોહ પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જયંતી

અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જયંતીઃ વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ પુષ્પાંજલિ અર્પણ કરી



અખંડ ભારતના શિલ્પી અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જયંતી નિમિત્તે ગુજરાત વિધાનસભા પરિસરમાં આવેલી સરદાર સાહેબની પ્રતિમાને તેમજ વિધાનસભા પોડિયમમાં તેમના તૈલચિત્રને વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરી હતી.રાષ્ટ્રીય એકતાના પર્વ નિમિત્તે વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભાનું આ પટાંગણ સરદાર સાહેબના મોટાભાઈ સ્વ. વિઠ્ઠલભાઈ પટેલના નામ સાથે ગૌરવભેર જોડાયેલું છે. એક સામાન્ય ખેડૂત પુત્ર તરીકે સાદગીપૂર્ણ જીવન જીવીને બાળપણથી જ નિડરતા અને સમસ્યાઓનો ઉકેલ લાવવાના ગુણો ધરાવતા સરદાર સાહેબે રાષ્ટ્રનિર્માણમાં અદ્ભુત યોગદાન આપ્યું હતું.

ખેડા સત્યાગ્રહનું સફળ નેતૃત્વ કરી મહાત્મા ગાંધીજીના હસ્તે 'સરદાર'નું બિરુદ મેળવનાર વલ્લભભાઈ પટેલે દેશની આઝાદી બાદ અખંડ ભારતના નિર્માણાર્થે અસંખ્ય રજવાડાઓને એક તાંતણે બાંધવાનું અત્યંત પડકારજનક કાર્ય દૃઢ મનોબળથી સિદ્ધ કર્યું હતું. દેશના વિભાજનની ભારે વેદના અને કપરા કાળ વચ્ચે પણ તેમણે રાષ્ટ્રની આંતરિક સુરક્ષા તથા એકતાને અક્ષૂણ્ણ રાખવા પોતાના સ્વાસ્થ્યની પરવા કર્યા વગર અથાક પરિશ્રમ કર્યો હતો.

તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દૂરદર્શિતાને બિરદાવતા જણાવ્યું હતું કે, સરદાર સાહેબના વિચારો અને રાષ્ટ્રીય એકતાનો સંદેશો દેશની યુવા પેઢી સુધી સદૈવ જીવંત રહે તે માટે કેવડિયા ખાતે વિશ્વની સૌથી ઊંચી ૧૮૨ મીટરની 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' પ્રતિમાનું નિર્માણ કરવામાં આવ્યું છે. આજે સમગ્ર દેશ ૩૧મી ઓક્ટોબરને રાષ્ટ્રીય પર્વ તરીકે ઉજવી રહ્યો છે, ત્યારે કેવડિયા ખાતે યોજાઈ રહેલી ભવ્ય રાષ્ટ્રીય એકતા પરેડ અને કાર્યક્રમોમાં સૌ કોઈ સહભાગી થઈ રહ્યા છે.આ પ્રસંગે વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ વધુમાં જણાવ્યું હતું કે, આપણે માત્ર પોતાના કે પરિવાર પૂરતું સીમિત ન રહેતા, જ્ઞાતિ, ધર્મ અને પ્રાંતના તમામ ભેદભાવોથી ઉપર ઉઠીને રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે જીવવું જોઈએ. સરદાર સાહેબે ચીંધેલા માર્ગને અનુસરીને 'અધિકાર અને ફરજ એ એક જ સિક્કાની બે બાજુ છે' તે સત્ય સ્વીકારી, સ્વચ્છતા જાળવવી, કાયદા-નિયમોનું પાલન કરવું, નિયમિત કરવેરો ભરવો અને રાષ્ટ્રીય સંપત્તિની રક્ષા કરવી એ જ આપણું સર્વોચ્ચ રાષ્ટ્રીય કર્તવ્ય છે, તેમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.ગાંધીનગર શહેર ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ શ્રી આશિષ દવે, વિધાનસભાના સચિવ શ્રી સી. બી પંડ્યા સહિત વિધાનસભાના અધિકારીઓ-કર્મચારીઓ, સરદાર પટેલ સેવા સમાજ ટ્રસ્ટ ગાંધીનગર આગેવાનો તેમજ કામેશ્વર ઈન્ટરનેશનલ સ્કૂલ ગાંધીનગરના વિદ્યાર્થીઓએ સરદાર સાહેબના તૈલચિત્રને ભાવપૂર્વક પુષ્પાંજલિ અર્પી હતી.

નંદાસણ પંથકમાં સગીરા પર શખસનું દુષ્કર્મ

ગર્ભ રહી જતા દબાણપૂર્વક ગોળીઓ આપી ગર્ભપાત કરાવ્યો, પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધાયો



મહેસાણાના નંદાસણ પંથકમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં સગીરાને લલચાવીને દુષ્કર્મ આચરવામાં આવ્યા બાદ તેને ગર્ભવતી બનાવવામાં આવી હોવાનો મામલો પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આ મામલે ભોગ બનનાર સગીરાની માતાએ નંદાસણ પોલીસ મથકે આરોપી યુવક વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે.

જોટાણા તાલુકાના ધનાલી ગામે રહેતા ઠાકોર જયેશજી ભરતજી નામના આરોપીએ ૧૬ વર્ષ અને ૭ માસની સગીરાને પોતાની જાળમાં ફસાવી હતી. આરોપીએ સગીરાને લલચાવી-ફોસલાવીને લગ્ન કરવાના ઈરાદાથી તેની મરજી વિરુદ્ધ અવારનવાર શારીરિક સંબંધ બાંધીને દુષ્કર્મ આચર્યું હતું અને સગીરાને ગર્ભવતી બનાવી હતી.આ સગર્ભાવસ્થા પછી મામલો વધુ ગંભીર બન્યો હતો. જ્યાં આરોપી દ્વારા બાળકનો જન્મ ન થાય તે માટે ગર્ભપાત કરાવવા સગીરા પર સતત દબાણ કરવામાં આવ્યું હતું. આરોપીના દબાણને કારણે ભોગ બનનાર સગીરાએ પાંચ મહિનાનો ગર્ભ દૂર કરવા ગર્ભપાતની ગોળીઓ ગળી લીધી હતી. જેના પરિણામે ગર્ભપાત થવા પામ્યો હતો. આ ગંભીર કૃત્ય આચરનાર આરોપી વિરુદ્ધ સગીરાની માતાની ફરિયાદના આધારે નંદાસણ પોલીસ મથકમાં ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૬૪(૧), ૬૪(૨)(), ૫૫, ૯૧ તેમજ પોક્સો એક્ટની કલમ ૪, ૫(જે)(૨), ૬, ૮ અને ૧૨ મુજબ ગુનો નોંધીને આગળની કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે.

થરાદમાં રાષ્ટ્રીય એકતા દિવસે 'રન ફોર યુનિટી' યોજાઈ

જગદીશ મકવાણાની હાજરીમાં દોઢ કિલોમીટરની દોડ યોજાઈ, નાગરિકોએ એકતાના શપથ લીધા

ભારતના લોખંડી પુરુષ, અખંડ ભારતના શિલ્પી અને દેશના પ્રથમ નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે સિદ્ધપુર શહેરમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે સરદાર પટેલ સેવાગણ સિદ્ધપુર દ્વારા ભવ્ય બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં યુવાનો, નગરજનો તથા સામાજિક આગેવાનો જોડાઈ સરદાર પટેલને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.સરદાર પટેલના એકતા, અખંડિતતા અને રાષ્ટ્રપ્રેમના વિચારોને જનજન સુધી પહોંચાડવાના ઉદ્દેશ સાથે આયોજિત આ બાઈક રેલીની શરૂઆત સિદ્ધપુરના ધરણીધર કોમલ પ્લોટ ખાતેથી કરવામાં આવી હતી. રેલી શહેરના વિવિધ વિસ્તારોમાં ફરી સરદાર પટેલ સર્કલ ખાતે પૂર્ણ થઈ હતી.



રેલી દરમિયાન તિરંગા સાથે સજ્જ બાઈકસવારો અને દેશભક્તિના નારાઓથી વાતાવરણ રાષ્ટ્રપ્રેમના રંગે રંગાયું હતું. યુવાનોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. સમગ્ર આયોજન દરમિયાન 'એક ભારત – શ્રેષ્ઠ ભારત' અને 'એકતા જ આપણી શક્તિ, સંગઠન જ આપણી ઓળખ'નો સંદેશ આપવામાં આવ્યો હતો.આ પ્રસંગે સરદાર વલ્લભભાઈ પટેલે દેશના રજવાડાઓના એકીકરણમાં આપેલા ઐતિહાસિક યોગદાનને યાદ કરવામાં આવ્યું હતું. દેશની એકતા, અખંડિતતા, ભાઈચારો અને રાષ્ટ્રીય સમરસતાના મૂલ્યોને જાળવી રાખવા તથા યુવા પેઢીને સરદાર પટેલના આદર્શોથી પ્રેરિત કરવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

અન્યક્ષેત્રે કૃતં પાપં તીર્થક્ષેત્રે વિનશ્યતિઃતીર્થની મર્યાદા અને આજના યાત્રાધામોનું પતન!(સંત સુરા)

- અન્યક્ષેત્રે કૃતં પાપં, તીર્થક્ષેત્રે વિનશ્યતિઃ સામાન્ય જગ્યાએ કરેલું પાપ તીર્થમાં જવાથી નાશ પામે છે.
- તીર્થક્ષેત્રે કૃતં પાપં, વજ્રલેપો ભવિષ્યતિઃ પણ તીર્થક્ષેત્રમાં કરેલું પાપ વજ્રલેપ જેવું અમીટ થઈ જાય છે.

આપણા ઋષિઓએ હજારો વર્ષ પહેલા જે વાત કહી, તે આજના ગુજરાતના અને દેશના દરેક તીર્થસ્થાન પર અક્ષરશઃ સાચી પડી રહી છે. આપણે અંબાજી જઈએ, દ્વારકા જઈએ, સોમનાથ જઈએ, પાવાગઢ જઈએ, ડાકોર જઈએ, ત્યાં શું જોઈએ છીએ?

આ શ્લોકનો પહેલો ભાગ તો બધાને ગમે છે. અન્યક્ષેત્રે કૃતં પાપં તીર્થક્ષેત્રે વિનશ્યતિ. એટલે લોકો એમ વિચારે છે કે આખું વર્ષ ગમે તેવા પાપ કરો, લાંચ લો, છેતરપિંડી કરો, વ્યભિચાર કરો, અને પછી એક વાર અંબાજી જઈને માનતા માની આવો, પ્રસાદ ધરી આવો, એટલે બધું પાપ ધોવાઈ જશે. આ ગેરસમજણ એ આજના તીર્થક્ષેત્રોના વિનાશનું સૌથી મોટું કારણ છે.

તીર્થ એટલે શું? તીર્થ શબ્દનો અર્થ થાય છે તરવાનું સ્થાન. જે સ્થાન ભવસાગર તરવામાં મદદ કરે, તે તીર્થ. આપણા શાસ્ત્રોમાં ત્રણ પ્રકારના તીર્થ કહ્યા છે. નિત્ય તીર્થ, જેમ કે માતા-પિતા, ગુરુ. ભગવત તીર્થ, જેમ કે ભગવાનનું નામ. અને સ્થાવર તીર્થ, જેમ કે અંબાજી, દ્વારકા, કાશી.

તીર્થની કલ્પના એટલા માટે કરવામાં આવી હતી કે માણસ પોતાના રોજિંદા સ્વાર્થી જીવનમાંથી બહાર નીકળીને કોઈ પવિત્ર જગ્યાએ જાય, ત્યાં સત્સંગ કરે, ત્યાંનું પાણી, ત્યાંની હવા, ત્યાંના સંતોના વિચારોથી પોતાના મનને શુદ્ધ કરે. તીર્થ એટલે ડિટોક્સ સેન્ટર. જેમ શરીરને શુદ્ધ કરવા માટે આપણે ઉપવાસ કરીએ, એમ મનને શુદ્ધ કરવા માટે તીર્થયાત્રા.

પણ તીર્થ શુદ્ધિ ક્યારે આપે? જ્યારે તમે તીર્થની મર્યાદા જાળવો. તમે કોઈ હોસ્પિટલમાં જાઓ અને ત્યાં જઈને જો તમે ગંદકી કરો, તો હોસ્પિટલ તમને સાજા કરવાને બદલે તમને વધુ બીમાર કરશે. એ જ રીતે તીર્થ પણ છે.

આજે આપણા તીર્થક્ષેત્રોમાં શું થઈ રહ્યું છે, તે આ શ્લોકના બીજા ભાગને સાબિત કરે છે - તીર્થક્ષેત્રે કૃતં પાપં વજ્રલેપો ભવિષ્યતિ.

વજ્રલેપ એટલે શું? જૂના સમયમાં મંદિરોના પથ્થરોને જોડવા માટે વજ્રલેપ નામનો એક ખાસ લેપ વપરાતો. એક વાર તે લાગી જાય પછી તેને કોઈ કાઢી ન શકે. તે વજ્ર જેવો કઠોર થઈ જાય. એટલે તીર્થમાં કરેલું પાપ એવું ચોંટી જાય કે તેનો કોઈ ઉપાય નથી.

આજે તીર્થક્ષેત્રોમાં કયા કયા પાપ થાય છે?

પહેલું પાપ - લોભનું પાપ. અંબાજી મંદિરની બહાર જુઓ. પ્રસાદના નામે લૂંટ. પાર્કિંગના નામે લૂંટ. એક નાળિયેરના ૫૦૦ રૂપિયા. એક હારના ૧૦૦૦ રૂપિયા. ભક્તિના નામે વેપાર. પૂજારી પણ ભગવાનને બદલે પૈસા તરફ જુએ છે. જે જગ્યાએ ત્યાગ હોવો જોઈએ, ત્યાં લોભનું સામ્રાજ્ય છે. આ તીર્થક્ષેત્રે કૃતં પાપં નથી તો શું છે?

બીજું પાપ - માંસ, મદિરા અને વ્યભિચાર. કેટલાય તીર્થસ્થાનો જે એક સમયે સાત્વિક હતા, આજે તેની આસપાસ દારૂની હાટડીઓ ખુલી ગઈ છે. યાત્રાના નામે લોકો પિકનિક કરવા જાય છે. મંદિરમાં દર્શન પાંચ મિનિટ અને હોટલમાં દારૂની પાર્ટી પાંચ કલાક. પવિત્ર જગ્યાએ જઈને અપવિત્ર આચરણ કરવું, એનાથી મોટું વજ્રલેપ બીજું કયું?

ત્રીજું પાપ - અપવિત્રતા. તીર્થક્ષેત્રોમાં નદીઓ, તળાવો, કુંડો હોય છે. આપણે ત્યાં જઈને પ્લાસ્ટિક ફેંકીએ છીએ, કચરો ફેંકીએ છીએ. ગંગાજી જેવી પવિત્ર નદીમાં આપણે ગટર ઠાલવીએ છીએ. અંબાજીના ગબ્બર પર કે પાવાગઢ પર લોકો કચરો ફેંકીને આવે છે. જે જગ્યાએ આપણે માથું નમાવવું જોઈએ, ત્યાં આપણે થૂંકીએ છીએ. આ પાપ વજ્રલેપ છે.

ચોથું પાપ - અહંકાર અને આડંબર. લોકો તીર્થયાત્રા કરવા જાય છે ફોટા પાડવા માટે. મંદિરની સામે ઊભા રહીને સેલ્ફી, રીલ બનાવવી. ભગવાન સામે પણ મોબાઈલ. દાન આપવું છે તો મોટું બોર્ડ લગાવવું છે કે "આ દાન ફલાણા ભાઈ તરફથી". તીર્થમાં પણ હું-પણું. આ અહંકારનું પાપ સૌથી ભયંકર છે, કારણ કે તે તીર્થના મૂળ હેતુને જ મારી નાખે છે. તીર્થમાં તો હું ઓગળવો જોઈએ, અહીં તો હું વધુ જાડો થઈને આવે છે.

પાંચમું પાપ - છેતરપિંડી. તીર્થના નામે કેટલા લોકો છેતરાય છે? ખોટા પંડા, ખોટા ભૂવા, ખોટા જ્યોતિષીઓ. તમારા ગ્રહ ખરાબ છે, આટલા રૂપિયાની પૂજા કરાવો. તમારા પિતૃઓ ભૂખ્યા છે, આટલું દાન કરો. ભોળા ભક્તોને ડરાવીને પૈસા પડાવવા, એ તીર્થક્ષેત્રમાં થતું સૌથી મોટું પાપ છે.

આપણા શાસ્ત્રકારોએ ચેતવણી આપી હતી કે સામાન્ય જગ્યાએ કરેલું પાપ તો તીર્થમાં ધોવાશે, પણ તીર્થમાં કરેલું પાપ ક્યાંય નહીં ધોવાય. કારણ કે તીર્થ એ છેલ્લો ઉપાય છે. ડોક્ટર પાસે જઈને જો તમે ડોક્ટરને જ મારો, તો પછી તમને કોણ સાજા કરશે? વકીલ પાસે જઈને જો તમે વકીલ સાથે જ જૂઠું બોલો, તો તમારો કેસ કોણ જીતશે? તીર્થ એ આત્માની અદાલત છે, ત્યાં જઈને જો તમે જૂઠું બોલશો, તો પછી માફી ક્યાં મળશે?

આજે ગુજરાતના પ્રસિદ્ધ યાત્રાધામોની હાલત જુઓ. અંબાજી, જે શક્તિપીઠ છે, ત્યાં ભીડના નામે ધક્કામુક્કી, વીઆઈપી દર્શનના નામે પૈસાની લેવડદેવડ. દ્વારકા, જે મોક્ષધામ છે, ત્યાં સમુદ્ર કિનારે ગંદકી. સોમનાથ, જે જ્યોર્તિલિંગ છે, ત્યાં પણ શ્રદ્ધા કરતા ફોટોગ્રાફી વધુ. ડાકોરમાં રણછોડરાયના દર્શન કરતા વધારે ચિંતા ગોટાના પેકેટની.

આ બધું કેમ થયું? કારણ કે આપણે તીર્થને સમજ્યા જ નથી. આપણે તીર્થને ટુરિસ્ટ પ્લેસ બનાવી દીધું. સરકાર પણ તીર્થને ટુરિઝમ તરીકે વેચે છે. "પ્રવાસન સ્થળ" ના બોર્ડ મારે છે. તીર્થ પ્રવાસન નથી, તીર્થ તો પ્રાયશ્ચિત છે. તીર્થમાં ફરવા નથી જવાનું, તીર્થમાં તો ફરી ફરીને પોતાની અંદર જોવા જવાનું છે.

આ શ્લોક આપણને એક ગહન બોધ આપે છે.

જો તમે પાપી છો, તો તીર્થમાં જાઓ, તમારું પાપ ધોવાશે. પણ શરત એ છે કે તીર્થમાં જઈને નવું પાપ ન કરો. તીર્થમાં જઈને જો તમે પવિત્ર રહેશો, સાત્વિક રહેશો, વિનમ્ર રહેશો, તો તમારા જૂના પાપ બળીને ભસ્મ થઈ જશે.

પણ જો તમે તીર્થમાં જઈને જ અપવિત્રતા કરશો, લોભ કરશો, ક્રોધ કરશો, મોહ કરશો, તો યાદ રાખજો, તે પાપ વજ્રલેપ બનશે. તે તમારા આત્મા પર એવો ડાઘ મૂકશે કે સાત જન્મ સુધી નહીં ધોવાય.

એટલે આજથી જ્યારે પણ કોઈ તીર્થયાત્રાએ જાઓ, ત્યારે આ શ્લોક યાદ રાખજો.

મંદિરમાં પગ મૂકતા પહેલા મનને પવિત્ર કરો. મોબાઈલ બંધ કરો, અહંકાર બહાર મૂકો, ચંપલની સાથે સાથે લોભ, ક્રોધ પણ બહાર ઉતારો. કોઈને છેતરશો નહીં, કોઈ સાથે ઝઘડો નહીં, કચરો ન ફેંકો, કોઈ ગરીબનું અપમાન ન કરો.

તીર્થક્ષેત્ર એ કેસેટ નથી કે ગમે તેવું પાપ તેના પરથી ડિલીટ થઈ જાય. તીર્થક્ષેત્ર એ અરીસો છે. તમે જેવા છો, તેવા તમને બતાવશે. તમે પવિત્ર મને જશો તો પવિત્ર થઈને આવશો, અપવિત્ર મને જશો તો વધુ અપવિત્ર થઈને આવશો.

અન્યક્ષેત્રે કૃતં પાપં તીર્થક્ષેત્રે વિનશ્યતિ - આ આશ્વાસન છે. પણ તીર્થક્ષેત્રે કૃતં પાપં વજ્રલેપો ભવિષ્યતિ - આ ચેતવણી છે. અને ચેતવણીને અવગણવી, એ સૌથી મોટું પાપ છે!

ખેર, મંદિરની બહાર પગરખાંની સાથે અભરખા પણ ઉતારી દો, તો જ અંદર સાચા દર્શન થશે! અર્થાત્ ચંપલ તો બધા જ ઉતારે છે, કિન્તુ માણસ તો એ છે જે પગરખાંની સાથે પોતાના અભરખા પણ બહાર મૂકી દે. યાને કે, મંદિરમાં પ્રવેશતા પૂર્વે બે વસ્તુ બહાર મૂકો - પગરખાં અને અભરખા! એટલે ચંચળ મન બહારની દુનિયાદારી પાછળ ડોકિયું ન કરે, કિન્તુ ધ્યાન માત્ર

આભાર - નિહારીકા રવિયા ઈશ્વરની મૂર્તિ પ્રતિ દર્શનમાં જ રહે! અંતે, મંદિર અને ઈશ્વર બન્નેની મર્યાદા જાળવો! ટૂંકા કે ફાટેલા ફેશનેબલ કપડાં પહેરીને મંદિરમાં ન જાઓ - ત્યાં પ્રદર્શન નહીં, દર્શન કરવા જવાનું છે!

લેખકઃસુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)સુરત



ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ



NOG SS NO:412
વિષય:પ્રગતિની આડમાં પ્રકૃતિનું પતન
શીર્ષકઃ વિલાપ કરતી વસુંધરા
પ્રકાર : પદ્ય
શબ્દો : ૧૦૮

આપણે વિકાસની કેડી પર સૂરજને માપી લીધો,
પણ પોતાની જ ધરતીનો ધબકાર ચૂકી ગયા.

વૃક્ષોની આંગળીઓ કાપીને આકાશને અડક્યા,
ને છાંયડા વિનાની બપોરમાં પોતે જ અટવાયા.

નદીઓની નિર્મળતા માનવના હાથે લૂંટાઈ,
સમુદ્રની આંખોમાં મૌનનાં વાદળો છવાઈ ગયાં.

પંખીઓની પાંખમાંથી ઘરનું સરનામું છીનવાયું,
પ્રગતિના નકશામાં પ્રકૃતિનું નામ ભૂંસાયું.

ધરતી પૂછે છે આજે, ‘‘આ કેવો વિકાસ છે તમારો?
શ્વાસ જ જો વેચાઈ જાય, તો શું અર્થ મહેલોનો?’’

હજીયે એક બીજમાં આવતી કાલનો શ્વાસ છે,
એક વૃક્ષ વાવવું પણ ધરતી પ્રત્યેનો વિશ્વાસ છે.

ચાલો, વિકાસને પ્રકૃતિના ધબકાર સાથે જોડીએ,
ધરતીને વારસો નહીં, જીવંત વારસો સમજીને સાચવીએ.

"વહેતી" હર્ષિદા સુરતવાલા (મુંબઈ)
★★★★★★★
NOG SS NO. 215
વિષય :- "પ્રગતિની આડમાં પ્રકૃતિનું પતન"
શીર્ષક :- "શાને દમન કરો છો?"
પ્રકાર :- પદ્ય (અછાંદસ)
શબ્દ :-૯૨.

કુદરતી વાતાવરણ બગાડી હનન કરો છો,
પ્રગતિની આડમાં, પ્રકૃતિનું પતન કરો છો.

શુદ્ધ બનતું પર્યાવરણ,વૃક્ષોની હાજરીથી,
હરિયાળું બનતું રણ, વૃક્ષોની હાજરીથી,

શાને વૃક્ષો કાપવાનું નઠારું વર્તન કરો છો?
પ્રગતિની આડમાં, પ્રકૃતિનું પતન કરો છો.

તમે તોડો નહીં, પ્રભુને આપેલા વિશ્વાસને,
તમે ખુદ જ રૂંધી રહ્યા છો તમારા શ્વાસને,

તમે આવનારી પેઢીનું શાને દમન કરો છો?
પ્રગતિની આડમાં, પ્રકૃતિનું પતન કરો છો.

રણ થતાં જંગલોમાં વૃક્ષોને વાવવાં પડશે,
ઉઝડતાં જંગલો ’શ્યામ’ બચાવવાં પડશે,

આપણા જ વરસાનું શાને હરણ કરો છો?
પ્રગતિની આડમાં, પ્રકૃતિનું પતન કરો છો.

શ્યામ ગોયાણી ’શ્યામ’
શિવેન્દ્રનગર (હાલ સૂરત)
★★★★★★★
NOG SS NO : 413
વિષય : પ્રગતિની આડમાં પ્રકૃતિનું પતન
શીર્ષક : સાચુને; બોલો?
પ્રકાર : પદ્ય
શબ્દો : ૭૭

જો ઉમરની હદ આજ દીર્ઘાયુ હોત બોલો!!
તો શું માણસની નિયત સજ્જન હોત બોલો ?

જો માણસની નિયતે માનવતા ધરી રાખી હોત,,
તો વિપદાઓ આવતી ના ટળી હોત બોલો?

કોંક્રીટના જંગલ જો ઊભા ના હોત આજે?
મદમસ્ત પશુઓની દોટ શહેર તરફ હોત બોલો?

પડાવી લેવાની દાનત ખોટી ભારે પડે છે,
માણસને સમજણ આવે તો સારું હોત બોલો?

સમય રહેતા જાતને થોડી જો વારી હોત;;
સુકુન થોડુ બંન્ને જીવને મળ્યું હોત બોલો?

...રીટા ’રીટ્ઝ’ (મુંબઈ)
★★★★★★★
NOGSS NO : 371
વિષયઃ પ્રગતિની આડમાં પ્રકૃતિનું પતન
શીર્ષકઃ રે માનવ હવે ચેત
પ્રકારઃ અછાંદસ
શબ્દઃ ૮૫

આપ્યું જેણે માનવજાતને અમૂલ્ય ઔષધિઓ એ પ્રકૃતિ છે,
તેનું જતન કરવાનું મુકીને માનવ બની ગયો આજે ભક્ષક.

નિતનવા પ્રયોગો કરે નુકશાન પહોચાડે અગણિત પ્રકૃતિને,
હતો જે રક્ષક એ જ આજે બની ગયો છે જુઓ કેવો ભક્ષક,

ધરા પણ ધ્રુજી ઊઠીને વનરાઈઓ ચોતરફથી સળગી ઊઠી,
નર્તન કરત પર્વતો ગીતો ગાતી નદીઓ બની ગઈ ભક્ષક.

સંવર્ધન પ્રકૃતિનું કરવા કેટકેટલા નાટકો કર્યા માનવોએ,
પોતાની જરૂરીયાત કરવા પૂરી પ્રકૃતિના જ બન્યા ભક્ષક.

કોન્ક્રીટના જંગલો ઉભા કર્યા સંસાધનો માટે વૃક્ષો કાપ્યા,
કહે ચાંદની સ્વાર્થ માટે પ્રકૃતિનું પતન કરી રહ્યા ભક્ષક.

ડો ભાવના જોષી "ચાંદની" વડોદરા
★★★★★★★ દ્ર.ય.જી.જી.દ્ર.૧૦૨.વિષય :-પ્રગતિની આડમાં પ્રકૃતિનું પતન.
પ્રકાર :-ગદ્ય. શબ્દ:-૨૮૫.

આજના આધુનિક જમાનામાં દુનિયાએ ખૂબ પ્રગતિ કરી છે. ચારે તરફ ઉદ્યોગો, ગગનચુંબી મકાનો, સુંદર રોડ રસ્તા, વાહન વ્યવહારનીવ્યવસ્થા ,સંદેશા વ્યવહારની પ્રગતિ, આવા ગમનના આધુનિક સાધનો, જીવનની અનેક પ્રકારની સુવિધા ઘરે બેઠા પ્રાપ્ત થઈ શકે તેવી સગવડો.આજના સમયમાં માનવ જીવન આનંદદાયક બન્યું છે. આવી બધી સગવડો પ્રાચીન કાળમાં કદી ન હતી.

ઉદ્યોગોનો વિકાસ અને માનવ વસ્તીનો સમાવેશ કરવા માટે લાખો વૃક્ષોને કાપી લેવામાં આવ્યા છે અને ચારે તરફ માનવ વસવાટ થઈ ચૂક્યો છે. આમ જોવા જઈએ તો માનવીની ભારે પ્રગતિ કહેવાય પરંતુ પ્રકૃતિનું નિકંદન કાઢીને માનવ એ પોતાનો સ્વાર્થ સાધ્યો છે.

પૃથ્વીમાં રહેલી વસ્તુઓને શોધવા માટે ચારે તરફ તેને ખોદવામાં આવે છે. ગંદા પાણીના નિકાસ માટે નદીઓ અને તળાવોને પ્રદૂષિત કરવામાં આવે છે. તેથી પીવા માટેનું પાણી ધીરે ધીરે ઝેરી બનતું જાય છે. ખેતરોમાં વધુ પડતા ખાતરોનો ઉપયોગ કરી અને જમીની રસકસનો નાશ કરવામાં આવ્યો છે.

આકાશ,જળ,વાયુ ,પર્વતો નદીઓ ચારે તરફ આ પ્રદુષણ ફેલાઈ ચૂક્યું છે જે માનવ જાતને માટે ખતરા રૂપ છે.

આજે દિન પ્રતિદિન તાપમાનમાં વધારો થઈ રહ્યો છે અને તેને કારણે ઋતુઓમાં પરિવર્તન આવ્યું છે ક્યારેક ક્યાંય વરસાદ નથી પડતો તો ક્યારેક ભારે પૂર આવે છે. માનવી અને પ્રાણીઓના જાન માલને ભારે નુકસાની થાય છે. પવનના તોફાન , ધરતીકંપ આવે છે જ્વાળામુખી પર્વતો ફાટે છે આ કુદરતનો કોપ છે અને માનવ જાતને માટે મોટામાં મોટો ખતરો કહી શકાય.

સૂર્યોદય, સૂર્યાસ્ત, આકાશના તારાઓ, નદીનું ખડખડ વહેવું, સમુદ્રના મોજા, પર્વતો અને વૃક્ષોનો જોવાનો આનંદ આ કુદરતી વાતાવરણને આજે માનવી ભૂલી ચૂક્યો છે.

પ્રગતિ ની આડમાં પ્રકૃતિનું પતન રોકવું એ માનવીની ફરજ છે.

રતીલાલ વાયડા (રોડપાલી ,નવી મુંબઈ.)
★★★★★★★
દ્ર્ય્જજી : ૪૦૭
વિષય : પ્રગતિ ની આડમાં પ્રકૃતિ નું પતન અને બુદ્ધી કલમ
શીર્ષક : પ્રકૃતિ નાં પતન થી માનવજાતની ઘોર ખોદાઈ ગઈ
પ્રકારઃગદ્ય,શબ્દોઃ૩૩૦

માનવજાતનો જેમ જેમ વિકાસ થતો ગયો તેમ તેમ પ્રકૃતિનો હ્રાસ થતો ગયો. માણસ આદિમાનવ હતો ત્યારે દિગમ્બર અવસ્થામાં રહેતો. પછી તેને વૃક્ષના પાંદડામાંથી પહેરવેશ બનાવવાનું શરૂ કર્યું. અંધારામાં ઉજાસ માટે લાકડાં બાળવાનું શરૂ કર્યું. અને પ્રકૃતિનું પતન તે જ ક્ષણે ચાલુ થઈ ગયું.

અને પછી બાંધકામ ચાલુ થયાં. ઊંચા મકાનો બનવા લાગ્યા. ઉદ્યોગો અને ફેક્ટરીઓ નાંખવાની શરૂઆત થઈ. એમાં લાખો કરોડો લીટર પાણી વપરાવાનું ચાલું થયું. લાકડાંનો ઉપયોગ શરૂ થયો અને વૃક્ષો નિકંદન પણ.

ટ્રાન્સપોર્ટ શરૂ થયાં. બળદગાડા થી લઈને કાર, ટુ વ્હીલર, બસ, ટ્રેન, એરલાઈન્સ આવ્યાં. પેટ્રોલ, ગેસ, ખનિજો, સોનાં ચાંદી હીરા જેવાં રત્નો મેળવવા ખોદકામ ચાલુ થયું.

અને ૧૮-૧૯મી સદીમાં ઈંગ્લેન્ડમાં આવી વિશ્વની પહેલી ઔદ્યોગિક ક્રાંતિ. (૧૭૬૦ થી ૧૮૪૦) અને જેમ્સ વોટનું સ્ટીમ એન્જિન એનું પ્રતીક બન્યું. આ સમય દરમ્યાન રેલવે એન્જિન, ફલાયિંગ શટલ અને કાપડ, લોખંડ, સ્ટીલનાં ઉદ્યોગો અને વીજળી પેદા કરવામાં કોલસાનાં ઉપયોગનાં પાયા નંખાયા.

ત્યારબાદ પરમાણુ ઉર્જા આવી અને આવ્યાં કમ્પ્યુટર ક્રાંતિથી લઈને હાલનાં મોબાઈલ રિવોલ્યુશન, ડેટા સેન્ટરો અને છેં (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ). માણસ પ્રગતિ કરતો ગયો અને સાથે સાથે હવા, પાણી, ખોરાક બધું જ પ્રદૂષિત કરતો ગયો.

મેડિકલ ક્ષેત્રે હરણફાળ ભરનાર કાળા માથાનો માનવી અમુક જ દસકો પહેલાં ૮૫-૯૦ વરસ સુધી આરામથી જીવતો જે આજે ૧૫ વરસની ઉંમરથી ૬૦ વરસની ઉંમરમાં તો ફટાફટ ટપકી રહ્યો છે.

આજે ભારતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરનાં નામે બેફામ ભ્રષ્ટાચાર છે સાથે સાથે સરકાર રોજનાં ૧૦૦ કિમી રસ્તાઓ
આભાર - નિહારીકા રવિયા બનાવતાં કરોડો વૃક્ષોનું નિકંદન કાઢી રહી છે. ભારત દેશ વિશ્વભરનાં ઈ-ઉકરજીને પ્રોસેસ કરતો ડમ્પયાર્ડ બની ચૂક્યો છે અને દેશનાં નદી નાળા ભયંકર પ્રદૂષિત બનીને સુકાઈ રહ્યાં છે.

છેલ્લાં ૧૨ વરસમાં અનેકગણું વૃક્ષોનું નિકંદન થયું છે. અને આ નિકંદનને લીધે આવનારી પેઢીઓને ચોખ્ખી હવા, પીવાનું બિનપ્રદુષિત પાણી અને પૌષ્ટિક આહાર નથી મળવાનો.

અત્યારે તો આવનારી પેઢીનું ભવિષ્ય અંધકારમય છે. લોકોને અગણિત બીમારીઓ લાગુ પડશે. અને દેશે મોટી સંખ્યામાં યુવા મૃત્યુ માટે તૈયારી રાખવી પડશે. પશુ, પક્ષી, પ્રાણી, ઝાડપાન બધું ખેદાનમેદાન થઈ જશે.

દુઃખની વાત એ છે કલમની જબરી તાકાત પણ અત્યારે જૂઠ અને ફરેબની માયાજાળને ભેદી શકવા માટે પાંગળી અને બુઠ્ઠી બની ગઈ છે.

મનન શાહ, "મનસ"
અમદાવાદ.
★★★★★★★
NOG SSN 0089
વિષય પ્રગતિની આડમાં પ્રકૃતિનું પતનપદ્ય શીર્ષક પતનનું જતન પદ્ય
શબ્દો ૧૨૨
પતનનું જતન
પ્રગતિ થઈ રહી છે બહાના બનાવી ભાવ ખાય બે ડગલાં આગળ કે ચાર ડગલાં પાછળ જાય

ચારે તરફ નજર કર વનરાજી ગાયબ જણાય સિમેન્ટનું જંગલ ગગનને આંબતું જણાય

પ્રકૃતિની ફરિયાદ તારા બધિર કાને અથડાય રડતી પાછી ફરતો બસ કાળા નાણા છાપે

વર્તમાનમાં ન જીવનારો તું મિનારા બાંધી રાચે
કાલની આંધી કમ્પ્યુટર પર જુએને અવગણે

પ્રસિદ્ધિ અને પૈસાની આડમાં અટવાયેલ તું ઠંડી, વર્ષા ગરમી ઋતુનું ચક ડચકાં ખાતું જંગે

મોડું થાય તે પહેલાં પ્રકૃતિના સંકેત ઝીલી લે
મને કે કમને પટ્ટી બાંધી ઉત્સવ માણી લે
પ્રવિણા અવિનાશ

સમય ક્યારેય અટકતો નથી, પરંતુ જેઓ તેનું મૂલ્ય સમજે છે, તેઓ બીજા બધાને પાછળ છોડી દે છે."

શાળાઓમાં કેટલા વય નિવૃત્ત થશે. વિદાય સમારંભ સાથે નિવૃત્તિનો આનંદ સાથે દિવાળી વેકેશન ચોથી તારીખથી.દિવાળી એટલે માત્ર રજા નહીં,જીવનને ફરીથી ગોઠવવાનો અવસર દિવાળી વેકેશન હવે થોડા જ દિવસોમાં પડશે.બાળકો માટે આનંદનો, શિક્ષકો માટે આરામનો અને માતા-પિતા માટે પરિવાર સાથે રહેવાનો સમય.પણ શું આપણે ક્યારેય વિચાર્યું છે કે વેકેશન એટલે માત્ર શાળા બંધ રહેવી એટલું જ નથી? ભારતીય સંસ્કૃતિમાં દિવાળી એટલે અંધકારમાંથી પ્રકાશ તરફની યાત્રા, અવ્યવસ્થામાંથી વ્યવસ્થા તરફનું પ્રયાણ.

આપણે ઘર સાફ કરીએ છીએ, કચરો કાઢીએ છીએ, રંગ-રોગાન કરીએ છીએ, નવા કપડાં લઈએ છીએ, મીઠાઈઓ બનાવીએ છીએ. પણ શું આપણે આપણા જીવનની સૌથી કિંમતી સંપત્તિ - સમયને સાફ કર્યો છે?જે ઘડિયાળ આપણા હાથ પર બંધાયેલી છે,તે માત્ર સમય નથી બતાવતી,તે આપણું આયુષ્યબતાવે છે.દરેક ટક...ટક સાથે આપણું જીવન ઓછું થઈ રહ્યું છે.

આપણે પૈસાનો હિસાબ રાખીએ છીએ, પણ સમયનો હિસાબ કોણ રાખે છે? પૈસા ગુમાવીને પાછા કમાઈ શકાય છે, પણ ગુમાવેલી એક ક્ષણ ક્યારેય પાછી આવતી નથી.

આજની વાર્તા એક એવા શિક્ષકની છે જેણે સમયને ઓળખ્યો અને પછી આખી શાળાનું જીવન બદલી નાખ્યું. આ વાર્તા દરેક વિદ્યાર્થી, દરેક શિક્ષક અને દરેક માતા-પિતા માટે દિવાળીની સાચી ભેટ છે.

એક શાળામાં એક એવા શિક્ષક હતા જેઓ પોતાના વિષયમાં ખૂબ જ નિપુણ હતા. તેમનું ભણાવવાની કળા એવી અદભૂત હતી કે વિદ્યાર્થીઓ તેમના તાસની રાહ જોતા. તેમના વર્ગમાં ક્યારેય કોઈ વિદ્યાર્થીને કંટાળો ન આવતો. સ્ટાફ પણ તેમને આદર્શ માનતો, તેમની પાસેથી શીખવા પ્રયત્ન કરતો.પણ તેમનામાં એક જ ખામી હતી- તેઓ દરરોજ મોડા આવતા. ક્યારેક ૫ મિનિટ, ક્યારેક ૧૦ મિનિટ, ક્યારેક ૧૫ મિનિટ. તેમને મનમાં એમ કે "હું સારું ભણાવું છું,તો પાંચ-દસ મિનિટથી શું ફરક પડે?કામ તો સારું થાય છે ને!"

શાળાના આચાર્ય,જેઓ સંચાલકના પુત્રી હતા,તેઓ યુવાન,ભણેલા અને અત્યંત સમજદાર હતા.તેમણે અનેક વાર પ્રેમથી,એકલામાં બોલાવીને કહ્યું,"સર,તમે ખૂબ જ સારા શિક્ષક છો, તમારી નિષ્ઠા પર કોઈ સવાલ નથી, પરંતુ કૃપા કરીને સમયસર આવવાનો પ્રયત્ન કરો. અન્ય સ્ટાફના સભ્યો તમને આદર્શ માને છે.તમે મોડા આવો તો તેમને પણ મોડા આવવાનું બહાનું મળે છે.

શિક્ષક માત્ર હળવું સ્મિત આપતા, "જી, મેડમ" કહેતા અને વર્ગ તરફ ચાલ્યા જતા.શબ્દો કાન સુધી પહોંચતા, પણ હૃદય સુધી નહીં. કારણ કે તેમને પોતાની ભૂલની ગંભીરતા સમજાતી જ નહોતી.

ધીરે ધીરે આચાર્યનો ધીરજ ખૂટવા લાગ્યો. તેમને સમજાયું કે આ શિસ્તના ભાષણથી કે મેમો આપવાથી સુધરે તેવા નથી. તેમને શિસ્તના પાઠની નહીં, પરંતુ પરિસ્થિતિની ઊંડી સમજની જરૂર છે. તેમને અનુભવ કરાવવો પડશે કે મોડા આવવાથી સામેની વ્યક્તિને કેવું લાગે છે.

ત્યાર પછીના રવિવારે, જ્યારે શાળા બંધ હતી, ત્યારે આચાર્યએ તેમને ફોન કરીને એક "વિશેષ વર્ગ" (વધારાનો પિરિયડ)માટે બોલાવ્યા. કહ્યું,"સર,કાલે સવારે ૮ વાગે શાળા એ આવી જજો, એક અગત્યનું કામ છે."

શિક્ષક આશ્ચર્યમાં પડ્યા - રવિવારે વળી કેવો વર્ગ? પણ આચાર્યનો આગ્રહ જોઈને તેઓ સંમત થયા. બીજા દિવસે રવિવારે સવારે તેઓ નિયત સમય કરતા ૧૦ મિનિટ મોડા પહોંચ્યા. વર્ગખંડમાં પહોંચ્યા ત્યારે તેમણે ત્યાં અદભૂત શાંતિ જોઈ. કોઈ વિદ્યાર્થી નહોતા, કોઈ ધોંઘાટ નહોતો. બ્લેકબોર્ડ પર મોટા અક્ષરે લખેલું હતું:"સમય ક્યારેય અટકતો નથી, પરંતુ જેઓ તેનું મૂલ્ય સમજે છે, તેઓ બીજા બધાને પાછળ છોડી દે છે."

આચાર્ય ખુરશી પર બેઠા હતા, સ્મિત સાથે. તેમણે કહ્યું, "સર, આજે હું તમને કોઈ ભાષણ નહીં આપું, કોઈ ઠપકો નહીં આપું. બસ એટલું કહો કે, જો કોઈ વિદ્યાર્થી દરરોજ તમારા વર્ગમાં ૧૦ મિનિટ મોડો આવે, તો તમને કેવું લાગશે?"

તેઓ થોડી ક્ષણો માટે મૌન રહ્યા. આ પ્રશ્ને તેમને વિચારતા કરી દીધા. આજ સુધી તેમણે આ દૃષ્ટિકોણથી વિચાર્યું જ નહોતું. પછી તેમણે જવાબ આપ્યો, "મને ખરાબ લાગશે; એવું લાગશે જાણે તેમને મારા સમયની, મારા શ્રમની કોઈ કિંમત જ નથી. મને અનાદર થયો હોય એવું લાગશે."

આચાર્યએ અત્યંત નમ્રતાથી, પણ હૃદયસ્પર્શી રીતે કહ્યું, "બિલકુલ સાચું, સર... મને પણ દરરોજ બરાબર આવું જ લાગતું હતું. જ્યારે તમે મોડા આવો છો ત્યારે મને પણ એવું જ લાગે છે કે મારા સમયની કોઈ કિંમત નથી."

આ શબ્દો તીરની જેમ તેમના હૃદય માં ઊંડે સુધી ઉતરી ગયા. કોઈ મોટું ભાષણ જે ન કરી શક્યું, તે એક વાક્યએ કરી બતાવ્યું. તેમણે કંઈ કહ્યું નહીં; બસ પોતાનું માથું ઝુકાવી દીધું. તેમની આંખોમાં પસ્તાવો હતો. તે દિવસે તે વર્ગખંડમાં કોઈ પાઠ્યપુસ્તક ભણાવવા નહોતું આવ્યું, છતાં જીવનનો સૌથી મોટો પાઠ ભણાઈ ગયો.પરિવર્તનની શરૂઆત - ઘડિયાળ ૧૫ મિનિટ આગળ.બીજા જ દિવસથી, તેમણે પોતાની ઘડિયાળ ૧૫ મિનિટ આગળ કરી દીધી. આ માત્ર ઘડિયાળ આગળ કરવાની વાત નહોતી,આ માનસિકતા બદલવાની વાત હતી. તેમણે નક્કી કર્યું કે હવે મારે સમયની પાછળ નથી દોડવું, સમય મારી પાછળ દોડશે.

થોડા જ સમયમાં, તેઓ શાળાએ પહોંચનાર પ્રથમ વ્યક્તિ બની ગયા. સવારે પ્રાર્થના પહેલા તેઓ બગીચામાં છોડને પાણી પાતા, બ્લેકબોર્ડ સાફ કરતા. તેમના ચહેરા પર એક અલગ જ તેજ આવી ગયું.

ધીરે ધીરે, તેમના ઉદાહરણથી પ્રેરિત થઈને અન્ય શિક્ષકો પણ સમયના પાબંદ બનવા લાગ્યા. જે શિક્ષકો કલાકો સુધી મોડા આવવાના બહાના શોધતા, તેઓ પણ વહેલા આવવા લાગ્યા.

શાળાનું વાતાવરણ બદલાઈ ગયું. વિદ્યાર્થીઓથી લઈને સ્ટાફ સુધીના દરેક વ્યક્તિ કહેવા લાગ્યા: "જે દિવસે તેઓ વહેલા આવે છે, ત્યારે આખી શાળામાં એક અનોખી ઊર્જાનો સંચાર થાય છે." સમયપાલનથી શિસ્ત આવી, શિસ્તથી એકાગ્રતા આવી અને એકાગ્રતાથી પરિણામ સુધર્યું.

આધ્યાત્મિક દ્રષ્ટિ: સમય એટલે જ પરમાત્મા-ભારતીય દર્શનમાં સમયને સામાન્ય નથી માન્યો.ભગવદ્ ગીતા માં અર્જુનને વિરાટ સ્વરૂપ બતાવતા શ્રીકૃષ્ણ કહે છે,"કાલોઽસ્મિ લોક ક્ષયકૃત્ પ્રવૃદ્ધો"- હું જ કાળ છું, લોકોનો નાશ કરનાર. જે સમયનું અપમાન કરે છે, તે પરમાત્માનું અપમાન કરે છે.

આપણે દિવાળીમાં લક્ષ્મીપૂજન કરીએ છીએ. લક્ષ્મી એટલે માત્ર રૂપિયા નહીં. ’લક્ષ્મી’ શબ્દ ’લક્ષ’ પરથી બન્યો છે. જે આપણને લક્ષ્ય સુધી પહોંચાડે તે લક્ષ્મી. અને લક્ષ્ય સુધી પહોંચાડનાર સૌથી મોટું સાધન સમય છે. જે સમયને સાચવે છે, લક્ષ્મી તેના ઘરે સ્થિર થાય છે. જે સમયને વેડફે છે, તેના ઘરે લક્ષ્મી પણ ચંચળ બની જાય છે.વેકેશનમાં આપણે સમયને સૌથી વધુ વેડફીએ છીએ. મોડા સુધી સૂઈ રહેવું, કલાકો સુધી મોબાઈલમાં રીલ જોવી, નકામી વાતોમાં દિવસ પસાર કરવો. દિવાળીનો દીવો તો એક દિવસ પ્રગટે છે, પણ જો સમયનો દીવો બુઝાઈ જાય તો જીવનમાં કાયમ અંધારું રહે છે.

મહાભારતમાં યુદ્ધ પહેલા દુર્યોધન અને અર્જુન બંને દ્વારકા શ્રીકૃષ્ણ પાસે મદદ માંગવા ગયા. દુર્યોધન વહેલો પહોંચ્યો, પણ અહંકારમાં કૃષ્ણના માથા પાસે બેઠો. અર્જુન મોડો આવ્યો, પણ વિનમ્રતાથી પગ પાસે બેઠો. કૃષ્ણએ આંખ ખોલી તો પહેલા અર્જુન દેખાયો. પહેલા પસંદગીનો અધિકાર અર્જુનને મળ્યો અને તેણે નારાયણને માંગ્યા. દુર્યોધનને નારાયણી સેના મળી, અર્જુનને સ્વયં નારાયણ મળ્યા.વહેલો આવનાર હંમેશા જીતતો નથી,સમયને અને સ્થાનને સન્માન આપનાર જીતે છે.

સંત કબીર કહે છે-કાલ કરે સો આજ કર, આજ કરે સો અબ,પલ મેં પરલય હોએગી, બહુરિ કરેગા કબ?સમય લાભ સમ લાભ નહીં, સમય ચૂક સમ ચૂક નહીં.જે કાલે કરવાનું છે તે આજે કર, જે
આભાર - નિહારીકા રવિયા આજે કરવાનું છે તે અત્યારે જ કર. કારણ કે પળમાં પ્રલય થઈ જશે,પછી ક્યારે કરીશ?સમય જેવો કોઈ લાભ નથી અને સમય ચૂકવા જેવી કોઈ હાનિ નથી.

દિવાળી વેકેશન માટે ત્રણ સંકલ્પ. આ વાર્તામાંથી આપણે દિવાળી વેકેશન માટે ત્રણ સંકલ્પ લઈએ: આદર્શ બનવું એ મોટી જવાબદારી છે:શિક્ષક સારા હતા,તેથી જ તેમની એક નાની ભૂલ મોટી અસર કરતી હતી. તમે વિદ્યાર્થી હો, શિક્ષક હો કે માતા-પિતા - જો લોકો તમને આદર્શ માનતા હોય, તો તમારી સમયપાલનની ભૂલ અનેક લોકોને આળસુ બનાવશે. અને તમારી એક સારી આદત અનેક લોકોનું જીવન બદલશે.

ભાષણ નહીં, અનુભૂતિ બદલે છે: આચાર્યએ ઠપકો ન આપ્યો, અનુભૂતિ કરાવી. આપણે પણ બાળકોને "વહેલા ઉઠો, વહેલા ઉઠો" એમ કહેવા કરતા, આપણે વહેલા ઉઠીને દીવો કરીએ, પૂજા કરીએ. બાળક જોઈને શીખે છે, સાંભળીને નહીં.

ઘડિયાળ ૧૫ મિનિટ આગળ રાખો: આ માત્ર ઘડિયાળની વાત નથી, જીવનના અભિગમની વાત છે. જીવનમાં હંમેશા સમય કરતા થોડા આગળ ચાલો.જે વિદ્યાર્થી પરીક્ષા ના ૧૫ મિનિટ પહેલા પહોંચે છે, તેનું મન શાંત રહે છે. જે પાંચ મિનિટ મોડો પડે છે, તેનું આખું પેપર બગડે છે.

દિવાળીમાં આપણે માટીના દીવા પ્રગટાવીએ છીએ. આ વર્ષે એક દીવો સમયના નામનો પણ પ્રગટાવી એ. વેકેશનમાં મોડા સુધી મોબાઈલ જોવામાં,આળસમાં સમય વેડફવા ને બદલે એક નિયમ બનાવીએ, રોજ ૧૫ મિનિટ વહેલા ઉઠવું, રોજ ૧૫ મિનિટ સારું વાંચન કરવું, રોજ ૧૫ મિનિટ માતા-પિતા સાથે નિરાંતે બેસવું, રોજ ૧૫ મિનિટ ભગવાનનું નામ લેવું.

યાદ રાખો, સમય ક્યારેય કોઈની રાહ જોતો નથી. જેઓ સમયનું સન્માન કરે છે, તેઓ જ જીવનમાં આગળ વધે છે. તે શિક્ષકે જ્યારે ઘડિયાળ આગળ કરી, ત્યારે માત્ર તેનો સમય ન બદલાયો,આખી શાળાનું ભાગ્ય બદલાઈ ગયું.

આ દિવાળી વેકેશન આપણા જીવનમાં પણ એવી જ ઊર્જાનો, શિસ્તનો અને પ્રકાશનો સંચાર કરે, એવી હૃદયપૂર્વકની શુભકામના.

શુભ દીપાવલી! સમયનું સન્માન એ જ જીવનનું સન્માન.

★ યશપાલસિંહ ટી વાઘેલા દરબારગઢ થરા તા ઓગડ જિ બનાસકાંઠા ★

માહિતી નિયામકની કચેરી,ગાંધીનગર ખાતે સંયુક્ત માહિતી નિયામક શ્રી જયેશ દવેનો વિદાય સમારોહ યોજાયો



માહિતી નિયામકની કચેરી, ગાંધીનગર ખાતે સંયુક્ત માહિતી નિયામક તરીકે નિષ્ઠાપૂર્વક સેવાઓ આપનાર શ્રી જયેશભાઈ દવે વય નિવૃત્ત થતાં તેમનો ભાવભીનો વિદાયમાન સમારંભ યોજાયો હતો. વિદાયમાન પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના છઁઈ શ્રી વિવેક ત્રિવેદીની વિશેષ ઉપસ્થિતિમાં તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ શ્રી દવેને તેમના ઉત્તમ સ્વાસ્થ્ય તેમજ સુખી નિવૃત્ત જીવન માટે હૃદયપૂર્વકની મંગલ કામનાઓ પાઠવી હતી.

સંયુક્ત માહિતી નિયામક શ્રી દવેએ આ પ્રસંગે માહિતી ખાતામાં તેમની જૂનાગઢ ખાતેથી માહિતી મદદનીશ વર્ગ -૩થી શરૂ કરીને સંયુક્ત માહિતી નિયામક - સુપર ક્લાસ-૧ તરીકેની ૨૮ વર્ષની સરકારી સેવાઓના તેમના સાથી કર્મયોગીઓ સાથેના સફળ અનુભવો શેર કર્યા હતા. તેમણે કહ્યું કે,મારા સાથી કર્મયોગીઓના સાથ-સહકારથી જ હું આ પદ સુધી પહોંચ્યો છું. મેં હંમેશા બધાને સાથે લઈને ચાલવાની ભાવના સાથે જ કામ? કર્યું છે, જેના પરિણામે જ મને આજે આ ભવ્ય યાદો સાથે વિદાય આપવામાં આવી છે જેનો હું હંમેશા ઋણી રહીશ?

આ પ્રસંગે ઉપસ્થિત છઁઈ શ્રી વિવેક ત્રિવેદી, નાયબ માહિતી નિયામક સર્વશ્રી પારુલબેન મણિયાર, શ્રી નિત્યા ત્રિવેદી, શ્રી ચિંતન રાવલ, ડૉ. ઉર્વિ રાવલ, શ્રી મનિષા વાઘેલા, સહાયક માહિતી નિયામક સર્વે શ્રી સંજયસિંહ ચાવડા, શ્રી અંકુર શ્રીમાળી સહિત અધિકારીઓ-સહકર્મચારીઓએ શ્રી દવે સાથેના કાર્યકાળ દરમિયાનના વિવિધ મધુર સંસ્મરણો અને અનુભવો વાગોળ્યા હતા.આ વિદાય પ્રસંગે શ્રી દવેના ધર્મ પત્ની અને તેમના દિકરી સહિત પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, શ્રી દવે સપ્ટેમ્બર ૧૯૯૮માં જૂનાગઢ ખાતે માહિતી મદદનીશ તરીકે જોડાયા હતા. ત્યારબાદ સિનિયર સબએડિટરનું પ્રમોશન મળતા ભરૂચ જિલ્લા માહિતી કચેરી ખાતે ફરજ બજાવી હતી. ત્યારબાદ તેઓએ ગાંધીનગર વડી કચેરી ખાતે સમાચાર શાખામાં ૧૫ વર્ષ જેટલા લાંબા સમયગાળા માટે ફરજ બજાવી. ત્યારબાદ સહાયક માહિતી નિયામકના હોદા પર તેઓએ લોકભવન ખાતે પ્રેસ સચિવશ્રી તરીકે શ્રેષ્ઠ કામગીરી કરી હતી જેમાં અલગ અલગ ચાર રાજ્યપાલશ્રી સાથે કામ કરવાનો અનુભવ મેળવ્યો. તેઓએ ગાંધીનગર જિલ્લા માહિતી કચેરી ખાતે નાયબ માહિતી નિયામક તરીકે ઉત્કૃષ્ટ કામગીરી કરી.



રંગ, સર્જનાત્મકતા, કારીગરી અને સાંસ્કૃતિક ઉજવણી ના આઠ દિવસોનો યાદગાર અંત આવ્યો, કારણ કે નેશનલ ઈન્સ્ટિ ટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજી (એનઆઈએફટી) ગાંધી નગર દ્વારા આયોજિત ઝઊંછછઁ જજીટ્ટહ્વટ્ટદ્બિર્ટ્ઠ ૨૦૨૬, સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર, અમદાવાદ ખા તે ૩૦ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ પૂર્ણ થયું હતું.૨૩ થી ૩૦ ઓક્ટોબર દરમિયા ન યોજાયેલી 'છાપ "ની ત્રીજી આ વૃત્તિનું આયોજન' સ્વર્ણિમ ભારત-વિરાસત અને વિકાસ. રૂટેડ ઇન હેરિટેજ " ની થીમ પર કરવામાં આવ્યું હતું. આવતીકાલ માટે ફરીથી કલ્પના કરો ". આ ઉજવણીમાં દેશના વિવિધ ભાગો માં થી લગભગ ૯૫ કારીગરો અને કુશળ કારીગરો સાથે ડિઝાઇનર્સ, વિદ્યાર્થીઓ, શિક્ષણવિદો, હસ્તકલાના ઉત્સા હીઓ અને મુલાકાતીઓ એકઠા થયા હતા. તે એક સહિયારી જગ્યા બનાવે છે જ્યાં ભારતની પરંપરાગત કારીગરી સમકાલી ન ડિઝાઇન, નવા વિચારો અને નવી શક્યતાઓને મળે છે.

SAI ગાંધીનગર દ્વારા નશા મુક્ત યુવા અભિયાન અંતર્ગત માંડવીમાં મિની મેરેથોનનું આયોજન



ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિના અવસરે ભારતીય રમતગમત પ્રાધિકરણ (જીછેં), પ્રાદેશિક કેન્દ્ર ગાંધીનગર દ્વારા ગુજરાતના સુરત જિલ્લાના માંડવી ખાતે નશા મુક્ત યુવા અભિયાન અંતર્ગત ૨ કિમી મિની મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. 'એકતા માટે દોડો, નશામુક્ત ભારત માટે દોડો'ના પ્રેરણાદાયી સંદેશ સાથે યોજાયેલા આ કાર્યક્રમનો હેતુ યુવાનો અને નાગરિકોને ફિટનેસ, રાષ્ટ્રીય એકતા તથા નશામુક્ત જીવનશૈલી અપનાવવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો.

આ પ્રસંગે શ્રી પ્રભુ વસાવા, માનનીય સાંસદ, ૨૩-બારડોલી લોકસભા મતવિસ્તાર, ગુજરાત તથા પેટ્રોલિયમ અને કુદરતી ગેસ સંબંધિત સંસદીય સ્થાયી સમિતિના સભ્ય, મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત શ્રી સુરજીત બોરા, ન્ઁ હેડ, મ્ઁઝ્ર હજીરા અને શ્રી બિભુભૂષણ, ઉપ નિયામક, ભારતીય રમતગમત પ્રાધિકરણ (જીછેં), નેશનલ સેન્ટર ઑફ એક્સેલન્સ (દ્વર્ઝઈ), અમદાવાદ પણ ઉપસ્થિત રહ્યા હતા.આ મિની મેરેથોનમાં આશરે ૫૫૦ યુવાનો અને સ્થાનિક નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને સ્વસ્થ તથા નશામુક્ત સમાજના નિર્માણ માટે પોતાની સામૂહિક પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

કાર્યક્રમની શરૂઆત યોગ અને વોર્મ-અપ કસરતોથી કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત લોકોને નશામુક્તિની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી અને વિશિષ્ટ મહેમાનોનું સન્માન કરવામાં આવ્યું હતું. મિની મેરેથોનના ફ્લેગ-ઓફ પહેલાં સહભાગીઓએ ગેમ ઝોનમાં આયોજિત વિવિધ રમતગમત અને મનોરંજક પ્રવૃત્તિઓમાં પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

મિની મેરેથોનનો પ્રારંભ સરદાર પટેલ પ્રતિમા, વલ્લભવાડ, માંડવી ખાતેથી થયો હતો અને તેનું સમાપન નગરપાલિકા મેદાન, માંડવી ખાતે થયું હતું. સમગ્ર માર્ગ દરમિયાન સહભાગીઓએ રાષ્ટ્રીય એકતા, ફિટનેસ અને નશાથી દૂર રહેવાનો સંદેશ પ્રસારિત કર્યો હતો.

આ પહેલ ફિટ ઇન્ડિયા મૂવમેન્ટની ભાવનાને આગળ ધપાવવાની સાથે સ્વસ્થ અને સશક્ત ભારતના નિર્માણના રાષ્ટ્રીય સંકલ્પને મજબૂત બનાવે છે. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા પ્રોત્સાહિત અને કેન્દ્રીય યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રી શ્રી મનસુખ માંડવિયા દ્વારા આગળ વધારવામાં આવતી ફિટનેસ સંબંધિત પહેલો વિકસિત ભારત જ૨૦૪૭ના વિઝનને સાકાર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. યુવાનોને રમતગમત સાથે જોડાવા, ફિટનેસ અપનાવવા અને સક્રિય, શિસ્તબદ્ધ તથા નશામુક્ત જીવનશૈલી જીવવા માટે પ્રેરિત કરીને આવી પહેલો રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપે છે.

આ મિની મેરેથોન દ્વારા જીછેં પ્રાદેશિક કેન્દ્ર ગાંધીનગરે રમતગમત અને ફિટનેસના માધ્યમથી યુવાનોને જોડવા, નશાના દુષ્પ્રભાવો અંગે જાગૃતિ ફેલાવવા તથા સરદાર વલ્લભભાઈ પટેલથી પ્રેરિત રાષ્ટ્રીય એકતાના મૂલ્યોને પ્રોત્સાહન આપવાની પોતાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

અખંડ ભારતના શિલ્પી લોહપુરુષ

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે ડાંગ જિલ્લાના આહવા ખાતે યોજાઈ "રન ફોર યુનિટી"

ડાંગ આહવા: તા: ૩૧: ભારતના અખંડ શિલ્પી, રાષ્ટ્રની એકતા અને અસ્મિતાના અદ્વિતીય પ્રતિક એવા લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી ગૌરવવંતી જન્મજયંતી નિમિત્તે આજે ડાંગ જિલ્લાના મુખ્ય મથક પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે એકતા દિવસ શપથ અને રન ફોર યુનિટી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કાર્યક્રમના અધ્યક્ષ ડાંગના પ્રભારી મંત્રીશ્રી ડો.જયરામભાઈ ગામીત, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી રાજેશભાઈ ગામીત, પ્રભારી સચિવ શ્રી એમ.આઈ.પટેલ, જિલ્લા કલેક્ટર શ્રી એન.ડી.પરમાર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી કુલદીપસિંહ ઝાલા સહિતના મહાનુભાવોની ગરિમામય ઉપસ્થિતિ રહી હતી. આ કાર્યક્રમમાં પ્રારંભે મહાનુભાવો



અને ઉપસ્થિતોએ રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા જાળવી રાખવાના શપથ ગ્રહણ કરી સરદાર પટેલના આદર્શોને જીવનમાં ઉતારવાનો સંકલ્પ કર્યો હતો.'રાષ્ટ્રીય એકતા દિવસ' ની ઉજવણીના ભાગરૂપે આયોજિત 'રન ફોર યુનિટી' એકતા દોડને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ દોડ ડાંગ જિલ્લા પોલીસ પરેડ ગ્રાઉન્ડથી શરૂ થઈ આહવાના મુખ્ય વિસ્તારો કલેક્ટર કચેરી, ગાંધી ઉધ્યાન, શહીદ સ્મારક, ફુવારા સર્કલ, ડાંગ સ્વરાજ આશ્રમ થઈ પરત પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે સંપન્ન થઈ હતી. આ દોડમાં પોલીસ જવાનો અને અધિકારીઓ સહિત નગરજનોએ જોડાઈને દેશની એકતા અને સુરક્ષાનો મજબૂત સંદેશ પાઠવ્યો હતો.

IIFT ગિફ્ટ સિટી કેમ્પસ ખાતે 'આરોહણ ૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું જેમાં વૈશ્વિક વ્યવસાયના ભવિષ્ય અંગે ચર્ચા કરવા માટે ઉદ્યોગ સરકાર અને શિક્ષણ જગતના અગ્રણી નિષ્ણાતો એકત્ર થયા

` બે દિવસીય બિઝનેસ કોન્ક્લેવ છે જેમાં પ્રતિષ્ઠિત ઉદ્યોગ નેતાઓ શિક્ષણવિદો, વ્યાવસાયિકો અને વિદ્યાર્થીઓ વૈશ્વિક વ્યાપાર લેન્ડસ્કેપમાં પરિવર્તન લાવી રહેલા ઉભરતા પરિબળોપર ચર્ચાકરવામાટે ભેગા થાય છે.આસંમેલનનું ઉદ્ઘાટન ઈન્ડિયનઈન્સિટ્યૂટ ઓફ ફોરેન ટ્રેડના માનનીય કુલપતિડૉ. કે. રંગરાજન દ્વારા કરવામાં આવ્યુંહતું, મુખ્યવક્તવ્ય આપતીવખતે, માનનીય કુલપતિશ્રીઅહતો; ખાસ કરીને ઁૈહ્વ ઁૈંઅ એક આંતરરાષ્ટ્રીય નાણાકીય અને વ્યાપારી કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે તે સંદર્ભમાં, ખાસ કરીને ગિફ્ટ સિટી એક આંતરરાષ્ટ્રીય નાણાકીય અને વ્યાપારી કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે તે સંદર્ભમાં. તેમણે મુક્ત વેપાર કરારો (નામહત્વ પર ભાર મૂક્યો અને વૈશ્વિક વેપાર, નાણાં તથા વ્યવસાયની બદલાતી ગતિશીલતાપરચર્ચા કરવા માટે ઉદ્યોગ અગ્રણીઓ, નીતિનિર્ધારકોઅને શિક્ષણવિદોને એક સામાન્યમંચ પર એકત્ર કર્યા.

્સિટી કેમ્પસના પ્રોફેસર અને કેમ્પસ હેડડૉ. રાજેન્દ્રપ્રસાદ શર્માએ સ્વાગત પ્રવચન આપ્યું. ડૉ. શર્માએ ૨૦૨૬ પાછળના વિઝન અને એવા પ્લેટફોર્મ બનાવવાના મહત્વ પર પ્રકાશ પાડ્યો જ્યાંવિદ્યાર્થીઓ ઉદ્યોગના અગ્રણીઓ સાથે જોડાઈ શકે અને વ્યવસાયિક પ્રથાઓમાં પ્રત્યક્ષ સમજ મેળવી શકે. તેમણેૈંહ્વ ઁૈહ્વ સિટી કેમ્પસના મજબૂત ઉદ્યોગ જોડાણો બનાવવાના પ્રયાસ વિશે પણ વાત કરી, ઁૈહ્વ સિટીમાં તેની હાજરીનો ઉપયોગ કરીને અનુભવાત્મક શિક્ષણ, વ્યાવસાયિક ક્રિયાપ્રતિક્રિયા અને વિકસતા વ્યવસાય અને નાણાકીય ઇકોસિસ્ટમના સંપર્કમાટેવધુતકો ઊભીકરી

દ્બહ્વ ના સંયુક્ત નિયામક અને સુરત જીઈઢ ના વિકાસ કમિશનર ડૉ. રાહુલ સિંહેવિશેષ સંબોધન કર્યું હતું, તેમણે ગુજરાતમાંૈંહ્વ ની હાજરીને વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ગણાવતા જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય વેપાર, નિકાસ, લોજિસ્ટિક્સ અને ઉદ્યોગસાહસિકતાના કેન્દ્ર(હબ) તરીકે ગુજરાત મજબૂત સ્થાન ધરાવે છે. ગણાવતાજણા

છછઈઉૅંછદ્ગ ૨૦૨૬ માં આંતરરાષ્ટ્રીય વેપાર, માર્કેટિંગ, નાણાં, સપ્લાય ચેઈન અને કામગીરી (ઓપરેશન્સ), તથા કન્સલ્ટિંગ જેવા



વિષયો પર ચાર પેનલ ચર્ચાઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંમેલનમાં અગ્રણી સંસ્થાઓ, સરકારી એકમો અને કોર્પોરેટ ક્ષેત્રના વિવિધ દ્રષ્ટિકોણોને એક મંચ પર લાવવામાં આવ્યા છે, જે વૈશ્વિક વ્યાપાર જગતને આકાર આપતા ઉભરતાપડકારો, તકો અને વ્યૂહરચનાઓ પર વિચાર-વિમર્શ કરવા માટેનું એક માધ્યમ પૂરું પાડે છે.ૈંહ્વ ઁૈહ્વ સિટી કેમ્પસ ખાતેના 'ઇન્ટરનેશનલ મેનેજમેન્ટ ફોરમ (સ્ટુડન્ટ કાઉન્સિલ) એ વિદ્યાર્થીઓની સક્રિયતા, સહયોગ અને સંસ્થાકીય ભાગીદારીની ભાવનાને ઉજાગર કરીહતી તેમણેખૂબ જ વિચારપૂર્વક આયોજિત અને સંકલિત કાર્યક્રમ દ્વારા વિવિધ દ્રષ્ટિકોણોને એક મંચપર એકત્રિત કર્યા હપ્રથમ દિવસે બે મહત્વપૂર્ણ પેનલ ચર્ચાઓ યોજાઈ હતી, જેમાં આંતરરાષ્ટ્રીય વેપારની બદલાતી ગતિશીલતા અને વૈશ્વિક બ્રાન્ડ નિર્માણની બદલાતી વ્યૂહરચનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યુંહતું.

આસત્રનું સંચાલન શ્રી સમીર જે. શાહ, રાષ્ટ્રીયપ્રમુખ, એરકાર્ગોએજન્ટ્સએસોસિએશન ઓફ ઈન્ડિયા (છઝછછઁ) દ્વારા કરવામાં આવ્યું હતું, અને ઉદ્યોગ અને સરકારી પ્રતિનિધિઓની એક પ્રખ્યાત પેનલમાં શામેલ હતા: ડૉ. રાહુલ સિંહ - સંયુક્ત નિયામક, ફોરેન ટ્રેડ ડિરેક્ટોરેટ જનરલ (દ્બહ્વ) અને વિકાસ કમિશનર, સુરત જીઈઢ, શ્રી જયપ્રકાશ ગોયલ - સંયુક્ત નિયામક, ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઈઝેશન્સ (ઢૈંઈ), શ્રી અમિત ઓઝા - સ્થાપક અને ઝઈ, એસ્ટ્રામાર શિપિંગ, શ્રી દેવાંગ જોશી- ડિરેક્ટર, એન્કર લાઈન્સ, શ્રી નીતિન મોહન શાંડિલ્ય - ઉપપ્રમુખ, આંતરરાષ્ટ્રીય વ્યાપાર, ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ શ્રી પંકજ પટોડિયા- ઉપપ્રમુખ, આંતરરાષ્ટ્રીય વ્યાપાર, જેસન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, શ્રી આશુતોષ ગુપ્તે- આંતરરાષ્ટ્રીય વ્યાપારના વડા, ગોદરેજ અને બોયસ મેનેજિંગ કંપની લિમિટેડ.

પેનલ ૨:માર્કેટિંગઇન ગતિબીજાપેનલનું સંચાલન ડૉ. રાજેન્દ્રપ્રસાદ શર્મા, પ્રોફેસર અને કેમ્પસ હેડ્ઁૈહ્વ ઁૈહ્વ સિટી કેમ્પસ દ્વારા કરવામાં આવ્યું હતું. પેનલે સફળ માર્કેટિંગ અને બિઝનેસ લીડર્સ:શ્રી ગૌરવ સારદા-ચીફ માર્કેટિંગ ઓફિસર, સિમ્ફની લિમિટેડ, શ્રી રાજીવ દુબે-વાઈસ પ્રેસિડેન્ટ અને હેડ ઓફ મીડિયા, ડાબર ઈન્ડિયાલિમિટેડ, શ્રી રાજીવ નંદા - એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડેન્ટ, ઈન્ટરનેશનલ બિઝનેસ, ઝાયડસ લાઈફસાયન્સિસ, શ્રી જીગર પટેલ - ફાર્માસ્યુટિકલ સાયન્ટિસ્ટ, સ્થાપક, કોસ્મેટિક્સ કોન્સેપ્ટરિસર્ચ અનેભૂતપૂર્વ સહ-સ્થાપક, બ્રિલેર

લોક વ્યવસ્થાપનના ભવિષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરીનેૈંહ્વ ઁૈહ્વ સિટી કેમ્પસે ×ધ હ્યુમન એજ' પર એક પ્રીમિયર ઉૅંઈ કોન્ક્લેવનું પણ આયોજન કર્યું હતું- જે છઈઉૅંછદ્ગ ૨૦૨૬ ના હોલમાર્ક સેગમેન્ટ તરીકે દર્શાવવામાં આવ્યુંહતું આસત્રનું સંચાલન શ્રીમતી ચારુ મૈની, આસિસ્ટન્ટ મેનેજર - ઉૅંઈ ્રએડમિન, ઈન્ડિયા

ૈંદ્રઠ (જ્જીઈ ગ્રુપ, ઁૈહ્વ સિટી) દ્વારાકરવામાં આવ્યુંહતું અને ઉૅંઈ લીડર્સનું એક પ્રખ્યાત પેનલદર્શાવવામાં આવ્યું હતું: શ્રીમતી પ્રીતિઆહુજા-સીએચઆરઓ, હસ્કપાવર સિસ્ટમ્સ, શ્રી આશિષ લાલ-હેડ એચઆર, સ્વાન ડિફેન્સ એન્ડ હેવી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, શ્રી રાજન બી. સાવંત-વાઈસ પ્રેસિડેન્ટ-કોર્પોરેટ એચઆર, ઈન્ડોકોરમેડીઝ લિમિટેડ,શ્રીમતીલીના લોપેઝ-સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ-સ્ટ્રેટેજીઅનેએચઆર, નોકાફૂટ એનાલિટિક્સ પ્રાઈવેટ લિમિટેડ.

દિવસ ૨ - છઈઉૅંછદ્ગ ૨૦૨૬ ના બીજા દિવસે નાણાકીય બજારોના પરિવર્તન અને સ્થિતિસ્થાપક સપ્લાય ચેઈન, ઓપરેશનલ શ્રેષ્ઠતા અને વ્યૂહાત્મક કન્સલ્ટિંગના વધતામહત્વ પર ધ્યાન કેન્દ્રિત કરતી બે મહત્વપૂર્ણ પેનલચર્ચાઓસાથે ચર્ચા ચાલુ રહેશે

નાણાકીય વિષય પરની આપેનલનું સંચાલન નાણાકીય ફેકલ્ટી ડૉ. પ્રિયંકા જૈન કરશે. આ પેનલમાં નાણાકીય સેવાઓ અને રોકાણ ક્ષેત્રના પ્રતિષ્ઠિત નિષ્ણાતો એકત્ર થશે, જેમાં નીચે મુજબના મહાનુભાવોનો સમાવેશ થાય છે:મનીષકુમાર - સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ,સમાપ્તિ પેનલનું સંચાલન શ્રી અમિત ગઢવી, માનવ સંસાધન અને એડમિન ઓપરેશન્સના વડા, ક્લાઉડઓફિસ દ્વારા કરવામાં આવશે. સત્રમાં કન્સલ્ટિંગ, મેન્યુફેક્ચરિંગ અને સપ્લાય ચેઇન ઇકોસિસ્ટમના અનુભવી નેતાઓ ભાગ લેશે: શ્રી હરેશ પંજવાણી-સિનિયર ડિરેક્ટર, કેપજેમિની ઇન્વેન્ટ; સપ્લાય ચેઇન અને પ્રોક્યોરમેન્ટ કન્સલ્ટિંગના વડા, શ્રી રાજા કુમાર- હેડ, લોજિસ્ટિક્સ (આફ્ટરમાર્કેટ), એન્ડયુરન્સટેક્નોલોજીસલિમિટેડ; સપ્લાય ચેઇન અને લોજિસ્ટિક્સલીડર અને લેખક, શ્રી અનુરાગ જૈન-મેનેજિંગ ડિરેક્ટર, એક્સેન્ચર; ગ્લોબલ નેટવર્ક એડવાઇઝરી, સપ્લાય ચેઇન અને એન્જિનિયરિંગ, ડૉ. ધવલ શેઠ-પાર્ટનર, ગ્રાન્ટ થોર્ટનભારત એલએલપી; ટ્રાન્સફોર્મેશન કન્સલ્ટિંગ અનેજીટીએમ

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat